સુવિચાર : ભૌતિક સંપત્તિ માણસે સંભાળવી પડે છે, જ્યારે આધ્યાત્મિક શક્તિ માણસને સંભાળે છે - જીવનસૂત્ર

તાપમાન
મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૪૮ ટકા

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૨૧ | ૨ ફેબ્રુઆરી, ૨૦૧૬, મંગળવાર ; પોષ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ફટાફટ ન્યુઝ

- નરેન્દ્ર મોદીની મન કી બાત પર ચાર લાખ મિસ્ડ કોલ્સ
- હૈદરાબાદ યુનિ.માં વહીવટીતંત્રની સાથે સમજુતી
- માછીમારોને છોડાવવા જયાની મોદીને જયલલિતાની અપીલ
- સુનંદા કેસ : શશી થરૂરના લાઇડિટેક્ટર ટેસ્ટની સંભાવના
- પ્રતિબંધ છતાં ખતરનાક લીડર હાફીજ સઇદ ટીવી ટોક શોમાં દેખાયો
- પઠાણકોટમાં હુમલા કેસમાં વધુ પુરાવાની પાકિસ્તાનની માંગ
- હવે ટીમ ઇન્ડિયા ટેસ્ટ અને ટ્વેન્ટીમાં નંબર વન બની છે

આજે નાણાંકીય નીતિની સમીક્ષા

વ્યાજ દર યથાવત રહે તેવી સંભાવના : આજે રેટમાં ઘટાડો નહીં થાય પરંતુ લોન સસ્તી કરવાને લઇને તૈયારી : કેન્દ્રીય બજેટ બાદ અથવા પહેલા કોઇપણ સમયે વ્યાદરમાં ઘટાડો થઇ શકે છે તેવો બેંકરો તેમજ નિષ્ણાતોનો અભિપ્રાય : પોલિસીને લઇને ભારે સસ્પેન્સ

નવી દિલ્હી,તા. ૧

આરબીઆઇની છઠ્ઠી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા આવતીકાલે જારી કરવામાં આવનાર છે. આ પોલિસી સમીક્ષામાં વ્યાજદર યથાવત રાખવામાં આવે તેવી શકયતા છે પરંતુ લોન સસ્તી કરવાનો સિલસિલો જારી રાખવામાં આવે તેમ માનવામાં આવે છે. કારણ કે, વ્યાજદરમાં વધુ ઘટાડો નજીકના ભવિષ્યમાં કરવામાં આવી શકે છે. આની શરૂઆત આવતીકાલે જારી કરવામાં આવનાર પોલિસી સમીક્ષા દ્વારા કરવામાં આવે છે કે કેમ તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ છે. જો કે, મોટાભાગના અર્થશાસ્ત્રીઓ મંગળવારની પોલિસી સમીક્ષામાં વ્યાજદરમાં વધુ ઘટાડો કરવામાં આવે તેમ માની રહ્યા નથી. જો કે, બજેટ બાદ કોઈપણ સમયે આની જાહેરાત કરવામાં આવી શકે છે. મોટા ભાગના બેંકરો અને આર્થિક નિષ્ણાંતો દ્વારા આવો જ અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યો છે. ૨૯મી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરવામાં આવનાર છે. એક વખત સામાન્ય બજેટ રજૂ કરવામાં આવ્યા બાદ વ્યાજદરમાં વધુ સુધારો કરવામાં આવી શકે છે. પોલીસી સમીક્ષા જારી કરવામાં આવે તે પહેલા કરવામાં આવેલા સર્વેમાં મોટા ભાગના અર્થશાસ્ત્રીઓએ મત વ્યક્ત કર્યો છે કે આરબીઆઇ તેના પોલીસી રેપો રેટને યથાવત ૬.૭૫ ટકાના દરે જાળવી રાખશે. આના માટે કેટલાક કારણો રહેલા છે. ફુગાવો હજુ આરબીઆઇના ટાર્ગેટની અંદર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આરબીઆઇએ તેની છેલ્લી

● અનુસંધાન પાન-૭ પર

આંધ્રમાં અનામતના મામલે હિંસક તોફાનો

સ્થિતી વિસ્ફોટક બનતા મજબુત સુરક્ષા વ્યવસ્થા : પૂર્વીય ગોદાવરી જિલ્લાના તુની રેલવે સ્ટેશન પર તોડફોડ ટ્રેનના ડબ્બાઓને આગ ચાંપી દેવાઇ : સાવચેતીના પગલા

કાકીનાડા,તા. ૧

પછાત વર્ગની શ્રેણી હેઠળ અનામતના મુદ્દે જોરદાર હિંસા ભડકી ઉઠી છે. જેના કારણે સ્થિતી વિસ્ફોટક બની ગઇ છે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. સુરક્ષા વ્યવસ્થા મજબુત કરી દેવામાં આવી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ પછાત વર્ગની શ્રેણી હેઠળ અનામતની માંગને લઈને કાપુ સમુદાયના લોકો એકાએક વધુ હિંસક બની જતા હિંસા પર ઉતરી આવ્યા હતા. આ લોકોએ ભારે તોડફોડ કરી હતી. દેખાવ કરી રહેલા લોકોએ પૂર્વીય ગોદાવરી જિલ્લાના તુની રેલવે સ્ટેશન પર રત્નાચલ એક્સપ્રેસના ચાર ડબ્બાને આગ પણ ચાપી દીધી હતી. જેના કારણે વિજયવાડા અને વિશાખાપટ્ટનમ ખાતે ટ્રેનોની અવરજવર પર માઠી અસર થઇ હતી. વિજયવાડા સ્ટેશનના અધિકારીઓએ કહ્યુ હતુ કે રેલવે અધિકારીઓ અને પોલીસ દ્વારા સમયસર કાર્યવાહી કરવાના કારણે ઓછા લોકોને ઇજા થઇ હતી પરંતુ સ્થિતી વણસી ગઇ હતી. તેમણે કહ્યુ હતુ કે પોતાના નેતા અને પૂર્વ પ્રધાન મુદ્રાગડા પદ્મનાભ દ્વારા સભાને સંબોધન કરવામાં આવ્યા બાદ દેખાવકારોએ ટ્રેન પર પથ્થરમારો કર્યો હતો. કેટલાક પોલીસ જવાન પર હુમલો પણ કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

દેશમાં ઘઉંનું ઉત્પાદન ઘટતા આયાત કરાશે

પ્રતિકુળ હવામાન અને ઓછા વરસાદના લીધે ખરાબ અસર થઇ : ઘઉંનું ૨૦૧૫માં માંગ કરતા ઓછું ઉત્પાદન નોંધાયું

નવીદિલ્હી,તા. ૧

પ્રતિકુળ હવામાનની સ્થિતિ અને અન્ય નકારાત્મક પરિબળોના પરિણામ સ્વરુપે ભારત દ્વારા આ વર્ષે રેકોર્ડ ઘઉંની આયાત કરવામાં આવે તેની શકયતા દેખાઈ રહી છે. આગામી વર્ષમાં ઘઉંની આયાતનો આંકડો રેકોર્ડ સપાટી ઉપર પહોંચી શકે છે. જો હવામાન દ્વારા રાહત આપવામાં નહીં આવે તો સમસ્યા જટિલ સર્જાઈ શકે છે. ભારતીય ઘઉં ઉત્પાદનમાં પ્રતિકુળ હવામાનની માઠી અસર થઈ છે. જેના પરિણામ સ્વરુપે ઘઉંની આયાતમાં વધારો કરવાની ફરજ પડી શકે છે. સતત બીજા વર્ષે સરેરાશ કરતા ઓછો મોનસુની વરસાદ રહ્યો છે. ભારતમાં મુશ્કેલ અને જટિલ સ્થિતિના લીધે આ વર્ષમાં ઘઉંના પાક ઉપર પ્રતિકૂળ અસર થઈ છે. છોડની સ્થિતિમાં જ નવી સમસ્યા આવી ગઈ છે. ઘઉંની ખેતી સાથે જોડાયેલા મોટાભાગના ખેડૂતો ઓક્ટોબર મહિનામાં પ્લાન્ટિંગ કરતા પહેલા પુરતા મોનસુન ઉપર મુખ્યરીતે આધાર રાખે છે. આ મોનસુનમાં સ્થિતિ નબળી રહી હતી. મોનસૂનનો ગાળો જુલાઈથી સપ્ટેમ્બર સુધી ચાલી શક્યો હતો અને આમા પણ ઓછો વરસાદ થયો હતો. ઘઉંનો જથ્થો જે સ્ટોકમાં છે તે પણ ઘટી રહ્યો છે.

પાટીદારો સામે વધુ ૧૭ કેસો પાછા ખેંચાયા

પાટીદારો પ્રત્યે હળવું વલણ અપનાવી મુખ્યમંત્રીનો નિર્ણય : ટૂંક સમયમાં જ પાટીદાર નેતાઓને મનાવી લેવાના પ્રયાસોમાં સફળતા મળે તેવા સંકેત : પાટણ જિલ્લામાં થયેલ તોફાન સંદર્ભે ૪૧ પૈકી ૧૭ કેસ ખેંચાયા

અમદાવાદ, તા. ૧

ગુજરાતમાં પાટીદાર સમુદાય માટે અનામત આપવાની માંગણીને લઈને થોડાક સમય પહેલા કરાયેલા આંદોલન બાદ હવે સમાધાનની દિશામાં ગુજરાત સરકાર અને પાટીદારો આગળ વધી રહ્યા છે જેના ભાગરુપે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ પાટીદારો પ્રત્યે હળવું વલણ અપનાવી રહ્યા છે. આ દિશામાં આગળ વધીને આનંદીબેને વધુ ૧૭ કેસો પાછા ખેંચી લીધા છે. આની સાથે જ સમાધાનની દિશામાં વધુ એક પગલું લેવાયું છે. ગુજરાત સરકારે પાટીદાર સામે વધુ એક સમાધાનકારી પગલું લેતા ૧૭ કેસો પાછા ખેંચ્યા છે. ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન દરમિયાન પાટણ જિલ્લામાં થયેલા તોફાનો દરમિયાન સરકારી મિલકતોને નુકશાન પહોંચાડવા બદલ પાટીદારો સામે થયેલા ૪૧ કેસોમાંથી ૧૭ કેસો પાછા ખેચીને સરકારે વધુ એક સમાધાન કારી વલણ અખત્યાર કર્યું છે. પાટીદાર અનામત આંદોલન હાલ સંપૂર્ણપણે ધીમુ પડી ગયું છે. પાટીદાર આગેવાનો અને સરકાર વચ્ચે સમાધાનકારી બેઠકો ચાલી રહી છે. ત્યારે આ કેસો પાછા ખેંચવાથી

● અનુસંધાન પાન-૭ પર

પાટીદાર આંદોલન અંગે ટુંક સમયમાં સમાધાન થઈ જ જશે : રજની પટેલ

અમદાવાદ,તા. ૧

પાટીદાર આંદોલનના બીજા રાઉન્ડની શરૂઆત કરવાની જેલમાં રહેલા ૨૨ વર્ષીય નેતા હાર્દિક પટેલે ધમકી આપ્યાના એક દિવસ બાદ ગુજરાતના ગૃહરાજ્યમંત્રી રજની પટેલે આજે દાવો કર્યો હતો કે, ગુજરાત સરકાર પાટીદાર આંદોલન સમેટી લેવામાં સફળ રહેશે. આમા સમાધાનવાળી ફોર્મ્યુલા અપનાવવામાં આવી રહી છે.સમુદાયના જુદા જુદા નેતાઓની મદદથી સમસ્યાઓનો ઉકેલ લાવવામાં આવશે. અમદાવાદમાં રાણીપ પોલીસસ્ટેશનનું ઉદ્‌ઘાટન કરતી વેળા પ્રધાને કહ્યું હતું કે, જુદા જુદા પટેલ સમુદાયના નેતાઓ સાથે વાતચીત ચાલી રહી છે. તેમની મધ્યસ્થી મારફતે સમસ્યાઓનો ઉકેલ આવી જશે. હાર્દિક પટેલની ચેતવણીના સંદર્ભમાં પુછવામાં આવતા રજની પટેલે આ મુજબની વાત કરી હતી. નવા પોલીસ સ્ટેશનના ઉદ્‌ઘાટન કાર્યક્રમ વેળા તેમણે કહ્યું હતું કે ગુજરાત સરકાર આંદોલનના અંત લાવવાના પ્રયાસમાં છે.

શિક્ષણ ખાતાના મંડળના સર્વે સભ્યશ્રીઓ જોગ જાહેર નોટીસ અને રદિયો

આથી આ જાહેર નોટીસથી ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી અને તેની સંલગ્ન કચેરીઓના ત્રીજા વર્ગના (મીનીસ્ટ્રીયલ) કર્મચારીઓના મંડળના સર્વે સામાન્ય સભ્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, આ મંડળના બંધારણના નિયમ-૧૭ હેઠળ 'અસાધારણ સામાન્ય સભા'ની બેઠક યોજવા તથા મંડળના બંધારણના નિયમ-૮(બ) મુજબ મંડળની રાજ્ય કારોબારી સમિતિની ચૂંટણી યોજવા માટે આ મંડળના કુલ-૨૦૩+ સામાન્ય સભ્યો / કર્મચારીઓનું તા. ૪/૧૨/૨૦૧૫નું આવેદનપત્ર આ મંડળના તત્કાલિન પ્રમુખશ્રી / મહામંત્રીશ્રીને આપવામાં આવેલ. આ મંડળના તત્કાલિન પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી મંડળની 'અસાધારણ સામાન્ય સભા'નું આયોજન કરવા તદ્દન નિષ્ફળ રહેતાં અમો કુલ-૨૦૩+ સામાન્ય સભ્યો / કર્મચારીઓ દ્વારા મંડળના બંધારણના નિયમ-૧૭ મુજબ તા. ૨૬/૧/૨૦૧૬ને મંગળવારના રોજ મંડળની સાધારણ સામાન્ય સભા યોજવામાં આવેલ અને તે સભામાં ઠરાવ નં.૨ અન્વયે આ મંડળના તે સમયના એટલે કે તત્કાલિન સંચાલન સમિતિના પ્રમુખશ્રી બી. એમ. ઝાલા, મહામંત્રી શ્રી રવિન્દ્ર સોલંકી સહિતના તમામ હોદ્દેદારોને તા. ૨૬/૧/૧૦૬ની અસરથી દૂર કરવાનું સર્વાનુમતે ઠરાવેલ અને ઠરાવ નં.૩ અન્વયે મંડળના બંધરાણના નિયમ-૧૪(૧)(ખ) મુજબ મંડળના કાર્યકારી પ્રમુખશ્રી તરીકે શ્રી નાગજીભાઈ વી. ચૌધરી અને મહામંત્રી તરીકે શ્રી જગદીશભાઈ એમ. પરમારની નિમણુંક તા. ૨૬/૧/૨૦૧૬ની અસરથી સર્વાનુમતે ઠરાવેલ તેમજ ઠરાવ નં. ૪ અન્વયે મંડળના બંધારણના નિયમ-૮(બ) મુજબ આ મંડળની રાજ્ય કારોબારી સમિતિના ગાંધીનગર ખાતેના ૧૩ સભ્યોની ચૂંટણી તા. ૧૬/૨/૨૦૧૬ને મંગળવારના રોજ યોજવા અને નિયમાનુસારનું ચૂંટણીનું જાહેરનામું તા. ૨૬/૧/૨૦૧૬ના રોજ બહાર પાડવાનું સર્વાનુમતે ઠરાવતાં, આ મંડળની ચૂંટણીનું જાહેરનામું તા. ૨૬/૧/૨૦૧૬ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતું અને સદરહુ ચૂંટણીના જાહેરનામા અન્વયે શિક્ષણ ખાતાના કર્મચારીઓની મંડળની સને ૨૦૧૫-૧૬ની વાર્ષિક ફી રૂ. ૫૦/- તથા તે અગાઉની બાકી રહેલ ફી ભરવાની છેવટની તારીખ અને સમય તા. ૨/૨/૨૦૧૬ના રોજ ૧૪.૩૦ કલાક સુધીનો રાખવામાં આવેલ છે. તેમજ સદર ચૂંટણી યોજવા માટે મતદાર યાદી તા. ૨/૨/૨૦૧૬ના રોજ ૧૬.૦૦ કલાકે પ્રસિદ્ધ કરવાની હોવાથી આ મંડળના સર્વે સભ્યશ્રીઓ / કર્મચારીઓએ તા. ૨/૨/૨૦૧૬ના રોજ બપોરના ૧૪.૩૦ કલાક સુધીમાં તેઓની આ મંડળની સને ૨૦૧૫-૧૬ની વાર્ષિક ફી રૂ. ૫૦/- આ મંડળના કાર્યકારી પ્રમુખશ્રી નાગજીભાઈ વી. ચોધરી તથા મહામંત્રીશ્રી જગદીસ પરમારને રૂબરૂમાં ભરીને તેની રસીદ મેળવી લેવા આથી આ જાહેર નોટીસથી સર્વે સભ્યશ્રીઓને જણાવવામાં આવે છે.

આ મંડળના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી બી. એમ. ઝાલા તથા મહામંત્રી શ્રી રવિન્દ્ર સોલંકીને આ મંડળની તા. ૨૬/૧/૨૦૧૬ની અસાધારણ સામાન્ય સભાના ઠરાવ નં.૨ અન્વયે તેઓના હોદ્દા પરથી તેમને દૂર કરવામાં આવેલ હોઈ, તેઓના દ્વારા તા. ૧/૨/૨૦૧૬ને સોમવારના રોજ ગાંધીનગર સમાચારમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેર નોટીસ અનધિકૃત હોઈ તેમજ આ મંડળના સભ્યશ્રીઓ / કર્મચારીઓને ગેરમાર્ગે દોરનાર હોઈ, તેનો આથી રદિયો આપવામાં આવે છે.

આપના વિશ્વાસુ

(જગદીશ પરમાર) મહામંત્રી

(નાગજીભાઈ વી. ચૌધરી) પ્રમુખ

હોટલ પથિકાશ્રમ
પાર્ટી પ્લોટ
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82